# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આંત્રોલીમાં હુમલાખોરોના વરઘોડાની માંગ સાથે રોષે ભરાયેલા લોકોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા**

# આંત્રોલી ગામમાં તંગદિલી : ગ્રામજનો દ્વારા પોલીસ આઉટ પોસ્ટ પર ઘેરાવ

**લોહીયાળ સંઘર્ષના** આરોપીઓને પંચનામા માટે લાવતા હોબાળો થયો, ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત



(પ્રતિનિધિ) નડિયાદ તા.9

કપડવંજ તાલુકાના આંત્રોલી ગામે થોડા દિવસો પૂર્વે થયેલી હિંસક મારામારીની ઘટનામાં પકડાયેલા આરોપીઓને પોલીસ જ્યારે પંચનામા માટે ગામમાં લાવી, ત્યારે પરિસ્થિતિ સ્ફોટક બની હતી. આરોપીઓને જાહેરમાં બહાર કાઢી તેમનો 'વરઘોડો' કાઢવાની માંગ સાથે મોટી સંખ્યામાં એકઠા થયેલા ગ્રામજનોએ આંત્રોલી આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરતા દોડધામ મચી ગઈ હતી.

આંત્રોલી ગામમાં ગત છઠ્ઠી માર્ચના રોજ બે પક્ષો વચ્ચે જૂની અદાવતને લીધે હિંસક અથડામણ થઈ હતી. આ મારામારીમાં એક પુરુષ અને એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં મહિલાના માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયા હોવાથી તેની હાલત હજુ પણ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે આતરસુંબા પોલીસ મથકે 6 લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે મુખ્ય આરોપી એવા બાપ-દીકરા, નિકુંજ રાજેશ પટેલ અને રાજેશ રતિલાલ પટેલની ધરપકડ કરી હતી.

આ ઘટનાની તપાસના ભાગરૂપે પોલીસ જ્યારે આ બંને આરોપીઓને પોલીસ વાનમાં બેસાડી પંચનામા માટે ઘટના સ્થળે લાવી, ત્યારે ફરિયાદી પક્ષ અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા. સુરક્ષાના કારણોસર પોલીસે આરોપીઓને ગાડીમાંથી બહાર ન કાઢતા લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. ગ્રામજનોની માંગ હતી કે ગામમાં આતંક મચાવનાર આ શખ્સોને જાહેરમાં લાવી તેમનો વરઘોડો કાઢવામાં આવે. આ માંગણી ન સંતોષાતા ઉશ્કેરાયેલા ટોળાએ આઉટ પોસ્ટ તરફ કૂચ કરી આખા પોલીસ સ્ટેશનને ઘેરી લઈ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

અલબત્ત, ગામમાં વધતી જતી તંગદિલીને જોતા આતરસુંબા પોલીસના ઉચ્ચ અધિકારીઓ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે રોષે ભરાયેલા લોકોને કાયદો પોતાનું કામ કરશે તેવી ખાતરી આપી સમજાવવાના પ્રયાસો કર્યા હતા. હાલ ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વરઘોડાની માંગ પર અડગ રહેલા ગ્રામજનો અને પોલીસ વચ્ચે લાંબો સમય સુધી ઘર્ષણ ચાલ્યું હતું.

## નડિયાદમાં અક્ષર પટેલના ઘરે ઐતિહાસિક જીતનો જશ્ન મનાવાયો



અમદાવાદ ખાતે T20 વર્લ્ડ કપની રોમાંચક ફાઈનલમાં ભારતનો ભવ્ય વિજય થતા નડિયાદના ઓલરાઉન્ડર અક્ષર પટેલના નિવાસસ્થાને પરિવારજનોએ મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરી હતી, આ મેચ દરમિયાન શ્વાસ અધ્ધર કરી દેનારી ક્ષણો બાદ જીત મળતા જ અક્ષરના માતા-પિતાના ચહેરા પર પુત્રના પ્રદર્શન બદલ ગર્વ અને સંતોષ છલકાયો હતો. આ સાથે સ્થાનિક રહીશોએ મોટી સંખ્યામાં ઉમટી પડી તિરંગા લહેરાવ્યા હતા અને વાણિયાવાડ સર્કલ સહિતના વિસ્તારોમાં દેશભક્તિના નારા સાથે ભવ્ય વિજયોત્સવ મનાવાયો હતો. મોડી રાત સુધી ફટાકડાની આતશબાજી, ઢોલ-નગારાના તાલે ગરબા અને ઉત્સાહભર્યા માહોલમાં આખું નડિયાદ શહેર ભારતીય ટીમના વિજયના રંગમાં રંગાયું હતું.

# આણંદ શહેરના સ્પામાં SOG દ્વારા ચેકીંગ કરાયું

**બે સ્પા પર ગ્રાહકોની** નોંધણી કરાતી ન હોવાનું ખુલતાં કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા શહેરના વિવિધ સ્પામાં સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું. આ ચેકીંગમાં બે સ્થળે ગ્રાહકોના નામની નોંધણી કરાયેલી ન હોવાથી બન્નેના સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આણંદમાં ચાલતા સ્પા સેન્ટર પર સ્પા - મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાથી રજીસ્ટર મેઈન્ટેન કરવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત આણંદ એસઓજીએ શહેરના વિવિધ સ્પામાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ઈન્દિરા સ્ટેચ્યુ પાસે આવેલા શીવશરણમ્ કોમ્પ્લેક્સમાં પહેલા માળે આવેલા ક્રિષ્ટલ સ્પામાં તપાસ કરતાં મહંમદઅલ્હાજ આરીફમહંમદ વ્હોરા (રહે. ઈસ્માઈલનગર, આણંદ) નામનો શખસ મળી આવ્યો હતો. જે સ્પાનો સંચાલક હતો. આ સ્પામાં તપાસ કરતાં રજીસ્ટર મેન્ટેન કરેલું જોવા મળ્યું નહતું. આથી, જાહેરનામા ભંગ બદલ મહંમદઅલ્હાજ વ્હોરા સામે ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત બોરસદ ચોકડી બ્રિજ પાસે ક્રિષ્ના પ્લેટેનિયમ કોમ્પ્લેક્સમાં આવેલા અપસરા સ્પામાં તપાસ કરતાં ધ્રુવ અશ્વિન મકવાણા (રહે.બેડાપુરા, તા. ઉમરેઠ) મળી આવ્યો હતો. જે સ્પાનો મેનેજર હોવાનું જણાવ્યું હતું. આ સ્પામાં પણ રજીસ્ટર મેન્ટેન કરેલું ન હોવાનું જણાતાં પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

**'તારા બાળકોને મારી નાખીશ' તેવી ધમકી આપી પરિણીતા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું**

# નડિયાદમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી નરાધમ શખસે દૂષ્કર્મ ગુજાર્યું

**જવાહરનગરના** શખ્સે વર્ષ 2022થી પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી અનેકવાર પીંખી

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

નડિયાદના જવાહરનગર વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી, તેના માસૂમ બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપી એક નરાધમે અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે પીડિત પરિણીતાએ હિંમત દાખવી નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના જવાહરનગર વિસ્તારમાં રહેતા વિજયભાઈ ઉર્ફે બિદુ રમેશભાઈ ફાગવાણી નામના શખ્સે આ જ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને વર્ષ 2022થી વિશ્વાસમાં લઈ પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીએ પરિણીતાને લલચાવી-ફોસલાવી તેની મરજી વિરુદ્ધ અવારનવાર બળજબરીથી શારીરિક સુખ માણ્યું હતું. જ્યારે પણ પરિણીતા આ કૃત્યનો વિરોધ કરતી ત્યારે આરોપી તેને ડરાવી-ધમકાવીને ચૂપ કરી દેતો હતો.



વધુમાં, જ્યારે પરિણીતાએ આ સંબંધોનો અંત લાવવા પ્રયાસ કર્યો, ત્યારે આરોપી વિજય ઉર્ફે બિદુએ અત્યંત ગંભીર ધમકી આપી હતી કે જો તે તેની સાથે સંબંધ નહીં રાખે તો તે તેના બંને બાળકોને જાનથી મારી નાખશે. પોતાના બાળકોના જીવ પર જોખમ હોવાનું અનુભવતા પરિણીતા લાંબા સમય સુધી આ માનસિક અને શારીરિક ત્રાસ સહન કરતી રહી હતી.

સતત મળતી ધમકીઓ અને ત્રાસથી કંટાળીને અંતે પરિણીતાએ પરિવારની મદદથી પોલીસનો સંપર્ક કર્યો હતો. મંજિપુરા રોડ પર આવેલી એક સોસાયટી વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે નડિયાદ રૂરલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. હાલમાં પોલીસે ભોગ બનનારનું નિવેદન નોંધી, ઘટના સ્થળનું પંચનામું કરી આરોપીએ કેટલી વાર આ કૃત્ય આચર્યું છે તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# આંકલાવ APMC ડિરેક્ટરે અચાનક રાજીનામું ધરી દીધું

**APMCના** વહીવટમાં સક્રિય ભૂમિકા ભજવનાર અગ્રણી નેતાએ રાજીનામું આપતાં અટકળો

(પ્રતિનિધિ) આંકલાવ તા 9

આંકલાવ APMCના વરિષ્ઠ ડિરેક્ટર નગીનભાઈ સોલંકીએ પોતાના પદ પરથી એકાએક જ રાજીનામું આપી દીધું છે. તેમણે આંકલાવ APMCના ચેરમેનને લેખિતમાં પોતાનું રાજીનામું સોંપી દીધું છે. કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારોથી છેલ્લા દોઢ બે દાયકાથી એપીએમસીમાં સંચાલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે સહકારી જગતમાં આ નિર્ણયને લઈને અનેક તર્ક-વિતર્કો થઈ રહેલ છે.

મળતી માહિતી મુજબ નગીનભાઈ સોલંકી છેલ્લા 15 વર્ષથી આંકલાવ APMCમાં ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ વર્ષોથી કોંગ્રેસ પક્ષ સાથે મક્કમતાથી જોડાયેલા એક અગ્રણી નેતા છે.તેમના આ અચાનક રાજીનામાથી આંકલાવ તાલુકાના સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

વર્ષોથી APMCના વહીવટમાં સક્રિય ભૂમિકા ભજવનાર અગ્રણી નેતાનું પદ ત્યાગવું એ આગામી સમયમાં કોઈ મોટા રાજકીય ફેરફારની શક્યતા હોવાનું જોવાઈ રહ્યું છે. ખાસ કરીને કોંગ્રેસ સાથેના તેમના વર્ષોથી યથાવત રહેલા જોડાણને કારણે એકાએક રાજીનામું આપવાનો નિર્ણય પક્ષીય સમીકરણો અંગે અનેકવિધ ચર્ચાનો વિષય બન્યો છે. જોકે હાલમાં આ રાજીનામા પાછળના કોઈ સ્પષ્ટ કારણો બહાર આવ્યા નથી. જોકે રાજીનામું આપવાની ઘટનાએ સમગ્ર આંકલાવ પંથકમાં ભારે ચર્ચા જગાવી છે.

# આણંદમાં ગરમીનો પારો 38.5 ડિગ્રી, આકરા ઉનાળાના એંધાણ

**લઘુતમ અને મહતમ** તાપમાન વચ્ચે મોટા તફાવતથી સામાન્ય જનજીવન પર અસર

(પ્રતિનિધિ) આણંદ તા 9

આણંદમાં ઉનાળાએ દસ્તક આપી દીધી હોય તેમ તાપમાનમાં ધરખમ વધારો અનુભવાઈ રહ્યો છે. સોમવારે મહત્તમ તાપમાન 38.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાતા શહેરીજનોએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. માર્ચ મહિનાના પ્રારંભિક દિવસોમાં જ ગરમીનો પારો 38 ડિગ્રીની નજીક પહોંચી જતાં આગામી દિવસોમાં કાળઝાળ ઉનાળાના આગમન એંધાણ વર્તાઈ રહ્યા છે.

આણંદ હવામાન વિભાગની માહિતી મુજબ લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.અને મહતમ તાપમાન 38.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જેના કારણે વહેલી સવારે સામાન્ય ઠંડી અને બપોરે આકરો તાપ એમ બેવડી ઋતુનો અનુભવ આણંદ જિલ્લાના લોકો કરી રહ્યા છે.

ચરોતરના તાપમાનમાં જોવા મળતો આ મોટો તફાવત સામાન્ય જનજીવન પર અસર કરી રહ્યો છે, જેના કારણે સવાર-સાંજ અને બપોરના વાતાવરણમાં મોટો ફેરફાર અનુભવાઈ રહ્યો છે.

હવામાં ભેજનું સ્તર 77% જેટલું ઊંચું રહ્યું ગરમીની સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળ્યું છે. જ્યારે તાપમાન ઊંચું હોય અને ભેજનું પ્રમાણ વધારે હોય, ત્યારે પવનની ગતિ સામાન્ય હોવાને કારણે બફારો અને અકળામણ વધુ વર્તાય છે. પવનની ગતિ પ્રતિ કલાકની ત્રણ કિલોમીટર જેવી રહેતા ગરમીથી અકળામણ અનુભવતા લોકોએ ઓફિસ અને ઘરોમાં એસી-પંખાનો આશરો લેવો પડ્યો હતો.

વાતાવરણમાં આવેલા બદલાવની અસર આરોગ્ય પર પણ જોવા મળી રહી છે. હવામાં ભેજ અને બપોરના આકરા તાપને કારણે ડિહાઈડ્રેશન અને વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. તાપમાન હજુ વધવાની સંભાવના સ્થાનિક હવામાન કચેરીના જણાવ્યા અનુસાર આગામી અઠવાડિયામાં જો પશ્ચિમી પવનો ફૂંકાવાનું શરૂ થશે તો ગરમીના પારામાં હજુ પણ 1થી 2 ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# ખેડૂતના ખાતામાંથી ₹1.33 લાખ બારોબાર ઉપડી ગયાં

**ખેડૂતે બેંક મેસેજને** સરકારી સહાય સમજી અવગણતા લાખો ગુમાવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

નડિયાદ તાલુકાના જોરાપુરા ગામના એક ખેડૂતના બેંક ખાતામાંથી કોઈ અજાણ્યા શખ્સે જુદા જુદા ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી કુલ 1,33,600 ની રકમની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

નડિયાદના જોરાપુરા તાબે દવાપુરામાં રહેતા રઈજીભાઈ જાયાભાઈ પરમાર ખેતી કરે છે. તેમનું નડિયાદ સાંઈ આર્કેડ કોમ્પલેક્ષમાં આવેલી બેન્કમાં બચત ખાતું છે, જેમાં તેમના પુત્ર ઉદેસિંહનો મોબાઈલ નંબર રજીસ્ટર થયેલો છે. ગત 31/12/2025 ના રોજ તેમના ખાતામાં 1,37,083 જમા હતા. ગત 6/1/2026 ના રોજ તેમના પુત્રના મોબાઈલ પર બેંકમાંથી નાણાં ઉપાડના અલગ-અલગ મેસેજ આવ્યા હતા. જોકે, ખેડૂતે આ મેસેજને જમીન ધોવાણની સરકારી સહાય જમા થઈ હોવાનું માનીને તેની પર ધ્યાન આપ્યું ન હતું. બાદમાં જ્યારે તમાકુના વેપારીએ ખેડૂતના ખાતામાં 1,10,000 જમા કરાવ્યા અને રઈજીભાઈએ બેંકમાં જઈ પાસબુકમાં એન્ટ્રી કરાવી ત્યારે તેમને આ છેતરપિંડીની જાણ થઈ હતી. ખાતામાં અપેક્ષિત રકમ 2,97,083 હોવી જોઈતી હતી, તેના બદલે માત્ર 1,63,475 જ જમા જોવા મળ્યા હતા. બેંક કેશિયર સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે 3/1/2026 થી 6/1/2026 દરમિયાન કોઈએ ઓનલાઈન ટ્રાન્જેક્શન દ્વારા નાણાં સેરવી લીધા છે.

**વડોદરાની મહિલાને ચાર શખ્સોએ નકલી પોલીસ બની લૂંટી લીધી**

# નડિયાદ નજીક મહિલા સાથે ₹ 20 લાખના દાગીનાની લૂંટ

**વિઝા અપાવવાના** બહાને મહિલાને એકાંત સ્થળે બોલાવી

**વોટ્સએપ પર** સંપર્ક કરનાર સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

વડોદરાની એક મહિલાને વિઝા અપાવવાની લાલચ આપી નડિયાદ નજીક નરસંડા ચોકડી પાસે બોલાવી, પોલીસની ઓળખ આપી 20 લાખ રૂપિયાના સોનાના દાગીનાની લૂંટ ચલાવવાનો સનસનીખેજ બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ વડતાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગત મળતી માહિતી મુજબ, વડોદરાની એક મહિલાનો કવિતા પટેલ નામના મોબાઈલ ધારકે વોટ્સએપ પર સંપર્ક કર્યો હતો. સામે પક્ષેથી મહિલાને વિઝા અપાવવાનું કહી ગત 16મી ફેબ્રુઆરી, 2026 ના રોજ નરસંડા ચોકડી પાસે એકાંત સ્થળે બોલાવવામાં આવી હતી. મહિલા ત્યાં પહોંચતા જ પૂર્વ આયોજિત કાવતરા મુજબ 30થી 35 વર્ષની વયના આશરે 4 અજાણ્યા ઈસમો ત્યાં ધસી આવ્યા હતાં.

આ અજાણ્યા શખ્સોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી અને મહિલાને ગાળો બોલી ધમકાવવાનું શરૂ કર્યું હતું. બાદમાં શખ્સોએ મહિલા પાસેથી બળજબરીપૂર્વક તેણે પહેરેલા સોનાની બે ચેન, 4 નંગ સોનાની વીંટી તેમજ લકી મળી કુલ રૂ. 20 લાખની કિંમતના દાગીના પડાવી લીધા હતા અને લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતાં.

આ સમગ્ર બનાવ અંગે વડતાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સો અને મોબાઈલ ધારક સામે ગુનો નોંધી, લૂંટારુઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. એકાંત સ્થળે બોલાવીને આચરવામાં આવેલી આ લૂંટની ઘટનાએ પંથકમાં ચકચાર મચાવી છે. ચરોતરમાં વિદેશ વાંચ્છુ સાથે થતી છેતરપિંડી બાદ હવે લૂંટના પણ બનાવો વધી રહ્યાં છે.

# ટેક્નોલોજીના પડકારો સામે 'કન્વર્જન્ટ સાયન્સ' જ રામબાણ ઇલાજ

**એસપી** યુનિવર્સિટીમાં વૈશ્વિક વિજ્ઞાન સંગમમાં 5 દેશના વૈજ્ઞાનિકોનું મહામંથન

(પ્રતિનિધિ) આણંદ તા.9

સરદાર પટેલ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એપ્લાઈડ એન્ડ ઈન્ટરડિસીપ્લિનરી સાયન્સિસ (ડીએઆઈએસ) દ્વારા આયોજિત બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ 'CISHTS-2026'નો ભવ્ય પ્રારંભ થયો છે. ઈન્દુકાકા ઈપ્કોવાલા ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકા, જાપાન, સિંગાપોર અને ચેક રિપબ્લિક જેવા દેશોના નામી વૈજ્ઞાનિકો આધુનિક ટેક્નોલોજી અને આરોગ્ય ક્ષેત્રે થતા નવા સંશોધનો પર ચર્ચા કરવા એકત્ર થયા છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે કુલપતિ પ્રો. ડો. નિરંજનભાઈ પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આધુનિક જટિલ વૈજ્ઞાનિક સમસ્યાઓના ઉકેલ માટે માત્ર એક વિષય પૂરતો નથી, પરંતુ વિવિધ વિજ્ઞાન



ક્ષેત્રો વચ્ચે સંકલન અને સહકાર અત્યંત જરૂરી છે. મુખ્ય અતિથિ ડો. દિવેશ એન. શ્રીવાસ્તવે મોબાઈલ ટેક્નોલોજીનું ઉદાહરણ આપતા સમજાવ્યું હતું કે, જે રીતે એક જ ઉપકરણમાં અનેક ટેક્નોલોજી સમાયેલી છે, તે જ રીતે 'કન્વર્જન્ટ સાયન્સ' દ્વારા જ નવી શોધો શક્ય બનશે.

આ પરિષદના પ્રથમ દિવસે અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેન્ટુકીના ડો. કીથ આર. પેનીપેકરે સ્ટ્રોક જેવી જીવલેણ બીમારીની આધુનિક સારવાર પદ્ધતિઓ વિશે મહત્વની જાણકારી આપી હતી. જ્યારે ચેક રિપબ્લિકના વૈજ્ઞાનિક ડો. જીરી સેર્વેન્કાએ ભવિષ્યના ઊર્જા સંગ્રહ અને સેન્સિંગ ટેક્નોલોજીમાં નેનોમટીરિયલ એન્જિનિયરિંગની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. પૂર્વ નિદેશક પ્રો. ડો. ચૈતન્ય જોશીએ પણ ક્લાઈમેટ ચેન્જ અને આરોગ્યના પડકારો સામે લડવા આંતરવિષયક સહકારને જરૂરી ગણાવ્યો હતો.

આ કોન્ફરન્સમાં પ્રોફેસર્સ, વૈજ્ઞાનિકો અને હેલ્થકેર પ્રોફેશનલ્સ સહિત કુલ 463 પ્રતિભાગીઓએ નોંધણી કરાવી છે. વૈજ્ઞાનિક સત્રો દરમિયાન 15 શોર્ટ ટોક, 61 ઓરલ પ્રેઝન્ટેશન અને 241 પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવશે. આ પરિષદને આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, જે યુવા સંશોધકોને વૈશ્વિક દ્રષ્ટિકોણ પૂરો પાડશે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225